સુવિચાર : જિંદગી પાસે ઝાઝી અપેક્ષા રાખવી નહીં, જિંદગી એ વાવણીનો સમય છે લલણીનો નહીં - ડો. ચંદ્રકાન્ત મહેતા

**તાપમાન**
મહત્તમ : ૨૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૯૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૧ | ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૫, સોમવાર ; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- સ્વચ્છ ભારત અભિયાન કોઇ પણ ભોગે આગળ વધે તે જરૂરી : પ્રધાનમંત્રી
- કોરિયન ઓપન ફાઇલનમાં જયરામ હારી જતા નિરાશા
- સુભાષબાબુના પરિવારને મળવા ખુબ ઉત્સુક : મોદી
- મેક ઇન ઇન્ડિયા નહીં બલ્કે ટેક ઇન ઇન્ડિયા છે: રાહુલની ટકોર
- આજે રાજનાથસિંહ સરહદના વિસ્તારોની મુલાકાતે પહોંચશે
- મોદી સરકારને માંસ પ્રતિબંધ, ઘર વાપસી સાથે લેવા દેવા નથી : નકવી
- ડુંગળીના મામલે હવે એએપી સરકારની સામે નવી સમસ્યા
- બસ્તર હત્યાકાંડમાં સામેલ 3 ખતરનાક બંડખોરો ઠાર
- ઓરિસ્સામાં માર્ગ દુર્ઘટના થતા કબડ્ડી ખેલાડીના મોત
- હવે ગ્રીન હાઈવે પોલિસી લોન્ચ કરવા માટે તૈયારી

# રાજ્યભરમાં મેઘ મહેર

**વિસાવદર વિસ્તારમાં ૧૧ ઇંચ : ભેંસાણમાં સાત ઇંચથી વધુ વરસાદ : જુનાગઢ તેમજ અમરેલીમાં સૌથી વધુ વરસાદ : લાલપુરના કરણા ગામમાં વિજળી પડતા એકનું મોત : હજુ પણ ભારે વરસાદની ચેતવણી હોવાથી તંત્ર સાબદુ**

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં ડિપડિપ્રેશન અને સૌરાષ્ટ્ર ઉપર લો પ્રેશરની સ્થિતિના પરિણામ સ્વરૂપે રાજ્યમાં સાર્વત્રિક વરસાદ આજે સતત ત્રીજા દિવસે પણ જારી રહ્યો હતો. સૌથી વધુ વરસાદ દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં નોંધાયો હતો. ગોંડલમાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર ઇંચ વરસાદ નોંધાયો છે જ્યારે માંડવીમાં બે કલાકમાં બે ઇંચથી વધુ વરસાદ થયો હતો. જ્યારે વિસાવદરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧ ઇંચ વરસાદ ખાબકી ગયો હતો. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો હતો. નિચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા. જનજીવનને પણ માઠી અસર થઈ હતી. છેલ્લા બે ત્રણ દિવસથી ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. ભેંસાણા સાત, માળિયામાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. બીજી બાજુ સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, રાજકોટમાં ભારે વરસાદ થયો હતો. મેંદરડામાં પણ ત્રણ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં પણ મુશળધાર વરસાદના અહેવાલ મળ્યા છે.

બીજી બાજુ હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ હજુ ભારે વરસાદ થઈ શકે છે. પરિસ્થિતને ધ્યાનમાં લઈને મધ્ય અને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તંત્ર બિલકુલ સાવધાન રહ્યું છે. સૌરાષ્ટ્રમાં મેઘમહેર વચ્ચે જુનાગઢ અને અમરેલીમાં છ-છ ઇંચ વરસાદ નોંધાયો છે. બીજીબાજુ લાલપુરના કરણા ગામમાં વિજળી પડતા એકનું મોત થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં વરસાદી માહોલના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. શુક્રવારના દિવસે પાણીની અછતથી લોકોને આંશિક રાહત મળી હતી. કારણ કે ગુજરાતમાં નવા રાઉન્ડની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાતમાં ૧૮મી સપ્ટેમ્બરના આંકડા મુજબ ઓછા વરસાદનો આંકડો ૨૨ ટકા સુધી પહોંચી ગયો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું હતું. વડોદરા અને સુરતમાં પણ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી હતી.

ગઈકાલે મોડીરાત બાદથી જારી રહેલો વરસાદ આજે વહેલી સવારથી સુધી જારી રહ્યો હતો જેથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયેલા રહ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ તંત્ર સામે હાલમાં મોટી સમસ્યા સર્જાયેલી છે.

**પાટનગરમાં હીલ સ્ટેશનનો માહોલ**



(તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર બન્યું હીલ સ્ટેશન

**નગરજનોએ રજાના દિવસે ખુશનુમા વાતાવરણની મોજ માણી : વાતવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૯૬ ટકા : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૨ ડીગ્રીનો તફાવત**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે સાર્વત્રિક ઠંડક પ્રવર્તી છે. અસહ્ય ગરમી બાદ મેઘરાજા મહેરબાન થતા ભીંજારાના લીધે નગરનુ વાતાવરણ હીલ સ્ટેશન સમાન બની ગયુ છે.વરસાદી વાયરાથી નઝર સામે લવલી મૌસમનો નઝારો સર્જાયો છે. આજે પણ શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા વરસ્યા હતા. દિવસ દરમિયાન પણ વરસાદી વાયરો ફુંકાતા નગરજનોએ રજાના દિવસે ખુશનુમાં વાતાવરણની મોજ માંણી હતી. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર ૯૬ ટકા જેટલુ નોંધાયુ હતુ.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી મેઘરાજાએ વિરામ લેતા શ્રાવણ માસમાં પણ વરસાદની ગેરહાજરી વચ્ચે નગરજનોએ આકરા તાપ વચ્ચે અસહ્ય ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. બીજીતરફ વરસાદના વિલંબથી ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ હતુ. વાતાવરણમાં અસહ્ય ઉકળાટના લીધે નગરજનો બેબાકળા બની ગયા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી સર્જાયેલા વાતાવરણ પલ્ટાના લીધે ધોધમાર વરસાદ વરસતા નગરમાં સાર્વત્રિક ઠંડક પ્રવર્તી હતી.મૌસમનો મિજાજ બદલાતા નગરજનોને આકરી ગરમીમાં રાહત થઈ હતી. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહેતા આકાશમાં વરસાદી વાદળો અંગડાઈ લેતા નજરે પડયા હતા. પરંતુ મેઘરાજા દિવસ દરમિયાન મન મુકીને વરસ્યા ન હતા. જો કે મચ્છરીયો વરસાદ ચાલુ રહયો હતો. ભેજયુકત વાતાવરણમાં ભીંજારાનુ પ્રમાણ વિશેષ રહયુ હતુ.જેના પરિણામે દિવસે પણ વરસાદી વાયરો ફુંકાતા વાતાવરણમાં ઠંડક અનુભવાઈ હતી. નગરમાં વરસાદી વાતાવરણ નિખરતા હીલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. દિવસ દરમિયાન સવારે અને સાંજે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૯૬ ટકા રહયુ હતુ. જયારે દિવસના અંતે ૩ મી મી પાણી ટપકયુ હતુ.

રજાના દિવસે મૌસમનો મિજાજ નિખરતા છેલ્લા ઘણાં સમયથી ગરમીથી ત્રસ્ત નગરજનોએ લવલી મૌસમની મજા માંણી હતી. શહેરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ કોઈ ફેર જોવા મળ્યો ન હતો. ગરમીનો પારો ૩૬ ડીગ્રી થી નીચો ઉતરી સીધો ૨૫ ડીગ્રી સુધી પહોંચી ગયો છે. જયારે લઘુત્તમ પારો પણ ૨૩ ડીગ્રી એ સ્થિર થયો હતો. શહેરમાં રજાના દિવસે મૌસમની લુપ્ત ઉઠાવવા નગરજનો બહાર ટહેલવા નિકળી પડયા હતા.

## આફ્રિકા સામેની શ્રેણી માટે ટીમની જાહેરાત : ધોની કેપ્ટન

**ટીમમાં શ્રીનાથ અરવિંદ અને ગુરકિરતસિંહનો સમાવેશ : જાડેજા સ્થાન જાળવવામાં નિષ્ફળ**

બેંગ્લોર,તા. ૨૦

મહેન્દ્રસિંહ ધોની દક્ષિણ આફ્રિકા સામે રમાનારી ૭૨ દિવસ લાંબી શ્રેણી માટે પ્રથમ ત્રણ ટી-૨૦ અને વનડે શ્રેણીમાં ભારતીય ટીમનુ નેતૃત્વ કરનાર છે. આફ્રિકા સામેની શ્રેણી માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. ટી-૨- ટીમમાં



હરભજનસિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે શ્રીલંકાના પ્રવાસ દરમિયાન ટેસ્ટ મેચોમાં શાનદાર દેખાવ કરનાર અમિત મિશ્રાનો ટી-૨૦ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે શ્રીનાથ અરવિન્દ ટીમમાં વાપસી કરવામાં સફળ રહ્યો છે. આફ્રિકાની ભારત યાત્રા બીજી ઓક્ટોબરના દિવસે થનારી પ્રથમ ટી-૨૦ મેચ સાથે શરૂ થઈ જશે.

## જગમોહન દાલમિયાનું અવસાન

નવી દિલ્હી, તા.૨૦

બી.સી.સી.આઈના અધ્યક્ષ જગમોહન દાલમિયાનું આજે કોલકત્તા ખાતે મોડી સાંજે દુઃખદ અવસાન થયું છે. આઈ.સી.સી.ના તેઓ પ્રથમ ભારતીય અધ્યક્ષપદે ચૂંટાયા હતા. બંગાળ ક્રિકેટ એસોસીએશન સાથે તેમના સંબંધો અતૂટ રહ્યા હતા.



કોલકત્તાની ખાનગી હોસ્પિટલમાં બે દિવસ પૂર્વે હૃદયરોગનો હુમલો આવતા તેમને દાખલ કરવામાં આવ્યા હતા. આજે મોડી સાંજે પુનઃ હૃદયરોગનો હુમલો આવ્યો હતો. સ્વ. દાલમિયાના અવસાન અંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સહિત ક્રિકેટ જગતના મહારથીઓએ ખુબ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

## પાટીદાર આંદોલનના હાલમાં કોઈ પણ કાર્યક્રમ નહીં યોજાય

**ગુજરાતમાં સ્થિતિ ન સુધરે ત્યાં સુધી બ્રેક : હાર્દિક પટેલ હાલ સુરતમાં છે અને ઇજાગ્રસ્તોને મળવાના કાર્યક્રમ યોજી રહ્યો છે : પાટીદારની સંકલન સમિતિ રચાઈ**

અમદાવાદ,તા. ૨૦

પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલે હિંસક દેખાવો કરવામાં આવ્યાના એક દિવસ બાદ અને પોતે જામીન પર છુટ્યાના એક દિવસ પછી પાટીદારોને શાંતિ સાથે પોલીસને સહકાર આપવા અપીલ



કરી છે. આ અંગે વાત કરતા કોર કમિટિના સભ્ય ઋષિકેશ પટેલે વાત કરતા કહ્યું છે કે, પોલીસની સાથે કોઈ સંઘર્ષ ન થાય અને આંદોલન શાંતિપૂર્ણરીતે ચાલે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતમાં હાલમાં સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જ્યાં સુધી ગુજરાતમાં શાંતિ ન સર્જાય ત્યાં સુધી આંદોલનના અન્ય કોઈ કાર્યક્રમો હાલમાં યોજવામાં

● અનુસંધાન પાન-૭ પર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

બ્રાહ્મણ પરિવારો માટે
અમદાવાદ મુકામે વિશાળ
જીવન સાથી પસંદગી મેળો
તા. ૨૯-૧૧-૨૦૧૫, રવિવાર
રજી.ની છેલ્લી તા.૨૬-૯-૨૦૧૫
રાવલભાઈ જલારામ મેરેજ બ્યુરો 8530931153




